પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૫ | ૨૫ જુલાઈ, ૨૦૧૯, ગુરૂવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મુંબઈમાં ભારે વરસાદથી પુનઃ જળબંબાકાર

**હિંદમાતા સહિતના અનેક વિસ્તારોમાં ઘુંટણ સુધી પાણી ભરાયા : વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઘણી જગ્યાએ રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા ટ્રેન સેવાને અસર : દુર્ઘટનાના બનાવો : જનજીવન ઉપર પ્રતિકુળ અસર થઇ**



મુંબઈ,તા. ૨૪

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત ફરી એકવાર કફોડી બની ગઈ છે. મુંબઈમાં અવિરત વરસાદનો દોર જારી રહ્યો છે જેના કારણે કેટલાક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. મંગળવારના દિવસે મોડી રાત્રે વરસાદની શરૂઆત થયા બાદ આજે વરસાદ જારી રહ્યો હતો. જેના કારણે શહેરના કેટલાક વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતી રહી હતી. હવામાન વિભાગ દ્વારા કહેવામાં આવ્યુ છે કે આગામી બે દિવસ દરમિયાન ભાર વરસાદ પડવા માટેની ચેતવણી જારી કરવામાં આવી છે. વરસાદના કારણે કેટલીક જગ્યાએ અકસ્માતો પણ થયા છે. અંધેરીમાં આજે સવારમાં વિજિબિલિટી ઘટી જવાના કારણે કેટલાક વાહનો ટકરાઇ ગયા હતા. આ ઘટનામાં આઠ લોકો ઘાયલ થયા હતા. મંગળવારથી જારી વરસાદના કારણે હિન્દ માતા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતી રહી હતી. અહીં ઘુટણ સુધીના પાણી ભરાઇ ગયા હતા. આજે જોરદાર વરસાદ જારી રહ્યો હતો. સાયન વિસ્તારમાં પાણી ભરાઇ ગયા છે. રેલવે ટ્રેક પર પણ પાણી ફરી વળ્યા છે. દરમિયાન ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે મુંબઈમાં ભારે વરસાદ જારી રહેશે જેથી લોકોને હાલ પુરતી કોઇ રાહત મળનાર નથી. મુંબઈની તુલનામાં મહારાષ્ટ્રના રાયગઢ અને રત્નાગીરી જિલ્લામાં હળવો વરસાદ થયો છે. મુંબઈમાં આઠમી જુલાઇની રાત્રે સુધી જુલાઇના સરેરાશ વરસાદ પૈકી ૫૨ ટકા હિસ્સામાં વરસાદ થઈ ગયો છે. જુલાઈમાં સરેરાશ ૮૪૦

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં હજુ ૧૯ ટકા સુધી ઓછો વરસાદ નોંધાયો છે

**આગામી ત્રણ-ચાર દિવસમાં ભારે વરસાદ થશે : જૂનથી સપ્ટેમ્બરની વચ્ચે સામાન્ય વરસાદ રહી શકે છે**



નવીદિલ્હી, તા. ૨૪

દેશમાં હજુ સુધી સામાન્યથી ૧૯ ટકા ઓછો વરસાદ થયો છે. જળશક્તિ મંત્રાલયના આંકડાના જણાવ્યા મુજબ પહેલી જૂનથી ૨૨મી જુલાઈ સુધીના આંકડા દર્શાવે છે કે, મધ્યપ્રદેશમાં ૧૩, રાજસ્થાનમાં ૨૦, છત્તીસગઢમાં ૭, બિહારમાં એક અને દિલ્હીમાં ૬૪ ટકા ઓછો વરસાદ રહ્યો છે. અલબત્ત સરકારે સ્પષ્ટતા કરી છે કે, હજુ દુકાળ જેવી સ્થિતિ દેખાઈ રહી નથી. ભારતીય હવામાન વિભાગના કહેવા મુજબ બુધવારના દિવસે વરસાદની શરૂઆત થઈ ચુકી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદ પડવાની સંભાવના છે. રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કારણ કે, મકાઈના પાકને લઈને ખેડૂતો ચિંતાતુર બનેલા છે. બાંસવાડામાં મોનસુનની એન્ટ્રી પુરતા પ્રમાણમાં થઈ નથી. રાજસ્થાનમાં ૨૦ ટકા સુધીનો ઓછો વરસાદ નોંધાયો છે. દિલ્હીમાં ૬૪ ટકા સુધી ઓછો વરસાદ નોંધાયો છે.

# એન્ટી ટેરર બિલ લોકસભામાં પસાર

**ત્રાસવાદીઓ પર સકંજો : આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવા માટેની પણ જોગવાઈ બિલમાં આતંકવાદી સંગઠનોની સાથે સાથે આતંકવાદી ગતિવિધિમાં સામેલ વ્યક્તિઓ પર સકંજો**



નવીદિલ્હી,તા. ૨૪

દ અનલોફુલ એક્ટિવીટીઝ (પ્રિવેન્સ) સુધારા બિલ ૨૦૧૯ (યુએપીએ) એટલે કે ગેરકાયદે ગતિવિધિ અટકાયત બિલને આજે લોકસભામાં મંજુરી મળી ગઈ હતી. આને ૮મી જુલાઈના દિવસે ગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. બિલ ઉપર ચર્ચાનો જવાબ આપતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, આતંકવાદ સામે વધુ કઠોર કાયદાની જરૂર દેખાઈ રહી છે. બિલમાં આતંકવાદી સંગઠનોની સાથે સાથે આતંકવાદી ગતિવિધિમાં સામેલ વ્યક્તિઓને પણ આતંકવાદી ઘોષિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. એન્ટી ટેરર બિલમાં આતંકવાદીઓ ઉપર સંપૂર્ણ સકંજો જમાવવામાં આવનાર છે. આતંકવાદીઓની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવનાર છે.

કાયદામાં કેટલીક કઠોર જોગવાઈ કરવામાં આવી છે. કાયદામાં આની જોગવાઈ કેમ કરવામાં આવી તેને લઈને ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં માહિતી

● અનુસંધાન પાન-૭ પર

## અંતરિક્ષમાં હવે યુદ્ધાભ્યાસની તૈયારી

**અમેરિકા, રશિયા, ચીનની ક્લબમાં ભારત : ભવિષ્યના સંભવિત યુદ્ધોને હાથ ધરવાની તૈયારીમાં નરેન્દ્ર મોદીના વિજન મુજબ આ અંતરિક્ષની યુદ્ધ કવાયત કરાશે**

નવી દિલ્હી,તા. ૨૪

ભારત પ્રથમ વખત સ્પેસ વોરફેરએક્સરસાઈઝ કરવાની તૈયારીમાં છે. આની તૈયારી કરી લેવામાં આવી છે. ૨૫ અને ૨૬મી જુલાઈના દિવસે આ યુદ્ધાભ્યાસની કવાયત હાથ ધરવામાં આવનાર છે. આને લઈને વૈજ્ઞાનિકો પણ ઉત્સુક છે. આના બાદ અપેક્ષા કરવામાં આવી રહી છે કે સંયુક્ત સ્પેસ સિદ્ધાંત પણ તૈયાર કરાશે. ભવિષ્યમાં સંભવિત યુદ્ધોને હાથ ધરવા માટેની તૈયારીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિજનને ધ્યાનમાં લઈને આ કવાયત હાથ ધરવામાં આવનાર છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીના કહેવા મુજબ કેટલીક ઉચ્ચસ્તરીય બેઠકમાં ચર્ચા કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# આખરે અમેરિકામાં ઈમારનનું કબૂલાતનામું

**પાક જમીન પર ૪૦ ત્રાસવાદી સંગઠનો સક્રિય હતા : કેપ્ટન હિલમાં અમેરિકી સાંસદોને સંબોધન વેળા કબૂલાત કરી : ત્રાસવાદ સામે લડાઈ લડી રહ્યા હોવાની ફરીવાર દુનિયાને ગેરમાર્ગે દોરનાર ઇમરાનની દલીલ : ૯-૧૧ની સાથે કોઇ લેવાદેવા હોવાનો ઇમરાનનો ઇન્કાર**

વોશિંગ્ટન,તા. ૨૪

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને અમેરિકી સાંસદોને સંબોધન કરતા આજે મોટો ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે, પાકિસ્તાનની જમીન ઉપર ૪૦થી વધુ આતંકવાદી સંગઠનો સક્રિય હતા. તેમના કહેવા મુજબ ત્રાસવાદીઓ સામે લડાઈ ચાલી રહી છે. અમેરિકી સાંસદોને કેપ્ટન હિલમાં સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે, અમે આતંકવાદની સામે અમેરિકાની લડાઈ લડી રહ્યા છે. ૯-૧૧ સાથે પાકિસ્તાનના કોઈપણ લેવાદેવા નથી. વિતેલા વર્ષોમાં પાકિસ્તાન દ્વારા અમેરિકાને વાસ્તવિક માહિતી અપાઈ ન હતી જેથી સ્થિતિ વણસી ગઈ હતી. ઈમરાને કહ્યુ હતુ કે પાકિસ્તાનના અમેરિકામાં કરવામાં આવેલા હુમલા સાથે કોઈ લેવાદેવા ન હતા.

તેમણે કહ્યુ હતુ કે અલ કાયદા અફઘાનિસ્તાનમાં છે. પાકિસ્તાનમાં કોઈ પણ જગ્યાએ તાલિબાની ત્રાસવાદીઓ ન હતા. છતાં અમે અમેરિકાના યુદ્ધમાં જોડાયા હતા. દુર્ભાગ્યના કારણે જ્યારે ચીજો ખોટી દિશામાં વધી રહી હતી ત્યારે અમેરિકાને

● અનુસંધાન પાન-૭ પર

## સગીર વાહન ચલાવતાં પકડાય તો માબાપ દંડાશે : નીતિન ગડકરી

**મોટર વ્હીકલ એક્ટમાં સુધારાનો ખરડો વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભામાં પસાર**

ન્યુ દિલ્હી,તા.૨૪

સગીર વયના યુવક-યુવતી વાહન ચલાવતાં અને અકસ્માત કરતાં પકડાય તો હવે પછી એના માબાપને આકરી સજા થશે જેમાં મોટી રકમના દંડ અને જેલનો સમાવેશ થાય છે.

મોટર વ્હીકલ એક્ટમાં સુધારા રૂપે સૂચવાયેલા આ પ્રસ્તાવને લોકસભામાં બહાલી મળી હતી. માર્ગ વાહનવ્યવહાર ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ આ જાહેરાત લોકસભામાં કરી હતી. હાલ સ્કૂલમાં ભણતાં બાળકો ટુ વ્હીલર અને ક્યારેક ફોર વ્હીલર લઈને સડક પર નીકળતા હોવાની ઘટના લગભગ રોજની થઈ પડી છે. આડેધડ વાહન ચલાવવા ઉપરાંત ગમે ત્યાં વાહન પાર્ક કરવું એ તેમની આદત બની ગઈ છે.

કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એક્ટમાં સૂચવેલા સુધારા મુજબ હવે આવું ચાલશે નહીં. જો કે ગડકરીએ સ્પષ્ટતા કરી હતી કે આ સુધારા દ્વારા કેન્દ્ર રાજ્ય સરકારોના કોઈ અધિકાર પર તરાપ મારવા માગતી નથી. જે રાજ્ય આ સુધારો સ્વીકારવા તૈયાર ન હોય તો તેમ પરંતુ અમે આ સુધારો લાદવાના નથી. વાહન વ્યવહાર સુગમ રીતે ચાલે અને અકસ્માતો ઓછા થાય એટલોજ અમારો હેતુ છે. એ કારણથીજ આ સુધારો રજૂ કર્યો છે. સાથોસાથ હાલના કેટલાક નિયમોમાં પણ ફેરફાર કરાયા છે.

RUDEV
Diabesity Clinic
Wellbei-g of Health

Dr. Deven Shah
Consultant Diabetologist & Physician
DBN, ECGMG Certified, FCC, Diabetology (USA)

COMPLETE CARE OF DIABETES

- 360° solution of diabetes with providing detail dieatetic diet and medical management.
- CGMS : Continues glucose monitoring for individual patient.
- Taking care of diabetic neuropathy, Nephropathy Diabetic Rahnopathy etc.

- શ્વાસ દમના દર્દીઓ માટે વિનામૂલ્યે કેમ્પ
- ફેફસાની ક્ષમતા માપવાનો રિપોર્ટ (PFT) ૫૦૦ રૂ.ને બદલે ફ્રીમાં કરી આપવામાં આવશે.
- કેમ્પ તારીખ : ૨૬/૭/૨૦૧૯ને શુક્રવારે
- સમય : સવારે ૧૧ થી બપોરે ૧

For Resistration - Call 94285 50080
Shop No. 1, Niramaya Medical Hub, Sector-6, Gandhinagar




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ACHIEVE OVERSEAS CONSULTANCY
IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
- આવો તમારા સપનાને સાકાર કરીએ (તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
- તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો (તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
- સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.

ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજો માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૯૯૦૯૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩